ઘર ગમે તેટલું મોટું હોય પણ એ ઘરમાં માંના અવાજનો ઉજાસ ન હોય તો તેને કરોડો સૂર્ય પણ અજવાળી શકતાં નથી
- અખંડ આનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૭૨ | ૩ સપ્ટેમ્બર, ૨૦૧૪, બુધવાર; ભાદરવા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મેઘરાજાની ગાંધીનગર પર મહેર

## NEWS બિટ્સ

**● નાણામંત્રી જેટલી હોસ્પિટલમાં**


કેન્દ્રિય નાણામંત્રી અરૂણ



જેટલીને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. તેઓને સાકેતની મેક્સ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. તેઓ પર એક નાનકડી સર્જરી કરવામાં આવે તેવી શક્યતા છે.

**● બીગબીના ટ્વીટર પર એક કરોડ ચાહકો**

સુપરસ્ટાર અમિતાભ બચ્ચનની પ્રસિદ્ધિ દિવસે ને દિવસે વધતી જાય છે. સામાન્ય



લોકોમાં અમિતાભ બચ્ચન પ્રખ્યાત છે. માઈક્રો બ્લોગિંગ સાઈટ ટ્વીટર ઉપર સુપરસ્ટાર અમિતાભ બચ્ચનના ફોલોવર્સની સંખ્યામાં ધરખમ વધારો થતા એક કરોડ થઈ ગઈ હોવાનું જાણવા મળે છે. બીગબી ગમે તેટલા વ્યસ્ત હોય તો પણ તેઓ સોશિયલ મીડિયા થઈ પોતાના ચાહકો સાથે સંપર્કમાં રહે છે.







(તસવીર : કશ્યપ નિમાવત)

## સતત ચોથા દિવસે પણ મેઘરાજા મનમુકીને વરસ્યા : વરસાદની સાથે શહેરમાં ગણેશભક્તિ અને શક્તિની આરાધનાનો રંગ જામ્યો

ગાંધીનગર, તા. ૨

શહેરમાં છેલ્લા ચાર દિવસથી મેઘમહેર યથાવત રહેતા આકાશમાં છવાયેલા વરસાદી વાદળો ગમે ત્યારે વરસી પડે છે. સોમવારે રાત્રે પણ મેઘરાજા મન મુકીને વરસી પડ્યા હતા. દોઢ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જ્યારે આજે પણ દિવસ દરમિયાન નભમાં નિખરેલા વરસાદી વાદળો વરસવાનુ ચુક્યા ન હતા. બપોરે પણ વરસાદનું ભારે ઝાપટુ વરસતા ચોમેર પાણી-પાણી થઈ ગયું હતું. જિલ્લામાં સીઝનનો ૨૧ ઈંચ વરસાદ થતા ખેડૂતો આડેથી પણ ચિંતાના વાદળો દૂર હટી ગયા છે. વરસાદી વાતાવરણના લીધે નગરમાં લવલી મોસમમાં નઝારો સર્જાયો છે.

શહેરમાં છેલ્લા ચાર દિવસથી વરસાદ હાજરી પુરાવતા વિદાય લેતા ચોમાસા ટાણે મેઘરાજાનો મિજાજ નિતર્યો છે. દિવસ દરમિયાન આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો જોવા મળે છે. આકાશમાં અંગડાઈ લેતા કાળા ડીબાંગ વાદળો ગમે ત્યારે વરસાદી ઝાપટુ નાંખી જતા ચોમેર પાણી-પાણી થઈ જાય છે. છેલ્લા ચાર દિવસથી મેઘરાજા બધડાટી બોલાવતા નગરનું જજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. વરસાદના લીધે હરિયાળા શહેરની પ્રકૃતિમાં પણ અનોખો નિખાર જોવા મળે છે. ગતરાત્રે પણ વરસાદે નિયત સમય જાળવી રાખી દોઢ ઈંચ જેટલું પાણી વરસાવ્યું હતું. જ્યારે આજે બપોરે પણ મેઘરાજાનું આગમન થતા ચોમેર પાણી-પાણી થઈ ગયું હતું. સતત વરસાદના લીધે શહેરમાં વરસાદી સમસ્યાઓએ ઘેરાવો કર્યો છે. જ્યારે વરસાદ વચ્ચે પણ હજુ નગરજનો વાતાવરણનો ઉકળાટ અનુભવી રહ્યાછે. બીજી તરફ નિખરતી હરિયાળી ઉપરાંત નભમાં નિખરતા વાદળોના લીધે નગરમાં લવલી મોસમનો નઝારો સર્જાયોછે. વરસાદી માહોલ વચ્ચે નગરમાં ગણેશભક્તિ અને શક્તિની આરાધનાનો રંગ જામ્યો છે.

## વરસાદ સવારે કે સાંજે જ કેમ ?

ગાંધીનગર, તા. ૨

છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં વરસાદી વાતાવરણ છવાયેલુ રહ્યું છે. સાંજ પડે અને સમગ્ર આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાઈ જાય છે અને વિજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ પડે છે. એવું જોવામાં આવ્યું છે કે છેલ્લા કેટલાક દિવસોથી જે વરસાદ પડે છે તે ફક્ત રાત્રે કે વહેલી સવારે જ પડે છે. રાત્રે જ કેમ વરસાદ પડે છે ? તેવો પ્રશ્ન ઉપસ્થિત થવો સ્વાભાવિક છે.

હવામાનશાસ્ત્રના જાણકારો કહે છે કે, વરસાદની પેટર્નનો અભ્યાસ કરશો તો જાણવા મળશે કે ચોમાસાની ઋતુ દરમિયાન જે વરસાદ નોંધાય છે તે મોટાભાગે સુર્યાસ્ત બાદ અને વહેલી સવારે સુર્યોદય પહેલા પડે છે. તેનું વૈજ્ઞાનિક કારણ એવું છે કે દિવસે સૂર્યની હાજરીમાં વાદળો સક્રિય

● અનુસંધાન પાન-૭ પર

## દહેગામમાં ચાંદીપુરમ્ દેખાયો : બાળકનું મોત

### આરોગ્યતંત્રની ટીમોએ આજે દહેગામના પાલુન્દ્રા ગામે દોડી જઈ સર્વેલન્સ અને સેન્ડફલાય મેળવી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પાલુન્દ્રા ગામે ચાંદીપુરમ્ પોઝીટીવ કેસ મળી આવતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યુ છે અને જિલ્લાની આરોગ્યની ટીમો આજે આ ગામે ઉતરી પડી હતી.

પાલુન્દ્રામાં ચાંદીપુરમ્ પોઝીટીવમાં સપડાયેલ બાળકનું મૃત્યુ થયું છે. બાળકના મૃત્યુ બાદ તંત્રને પૂનાની લેબોરેટરીમાંથી ચાંદીપુરમ્ પોઝીટીવ હોવાનું તારણ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યું હતુ અને આજે પાલુન્દ્રામાં આરોગ્યતંત્રની ટીમો કામે લાગી હતી.

તંત્રને આજે પાલુન્દ્રામાં બાળકના ઘરની આસપાસથી સેન્ડફલાય પણ મળી હતી જેની ચકાસણી માટે નમૂના પૂના મોકલવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ બાદ ચાંદીપુરમ્નો કેસ મળી આવ્યો છે. અગાઉ આવો કેસ કલોલ તાલુકામાંથી મળ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે અનુરાજસિંહ રાઠોડ નામના ૭ વર્ષના બાળકને પહેલાં તાવ આવ્યો હતો. આ બાળકને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સુધારો ન જણાતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. જો કે તેના નમુના

● અનુસંધાન પાન-૭ પર

હવે મેળવો
11.36% દ.વ.*
૬૦ મહિના મુદતની
ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર
આપની જમા રાશિને ૮ વર્ષ ૧ માસમાં બમણી કરો!!*
ડીસીબી ફિક્સ્ડ ડિપોઝીટ ખોલાવો અને મેળવો એક સ્ટાઈલિશ લેપટોપ બેગ, તદ્દન મફત!^



ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરેઃ 9825647075 / 9879204002 / 65730141
DCB Bank Limited (Formerly Development Credit Bank Limited)
DCB BANK

કેરાલા 14,700/- 7N/8D
કાશ્મીર 11,700/- 7N/8D
હીમાચલ 12,700/- 8N/9D
દુબઈ 17,700/- + Air Tkt. 4N/5D
રાધેક્રિષ્ના ટુરીઝમ
પાલડી : 9638299003
ગાંધીનગર : 9033603130
મહેસાણા : 9510242502
26409330
9426255522

ગુજરાત સરકારમાં ભરતી!
7500 - કોન્સ્ટેબલ / 876 - ASI
ફોર્મ ભરવાની છેલ્લી તા. 18-10-2014 થી 12-11-2014
PSI — ફી ₹ 18,000/- (M) ₹ 16,000/- (F)
કોન્સ્ટેબલ/ASI — ફી ₹ 14,000/- (M) ₹ 11,000/- (F)
નવી પરીક્ષા પદ્ધતિ મુજબનું શિક્ષણ (5 માસનો અભ્યાસ ક્રમ)

મહેસાણા શાખા માટે

| જગ્યા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| PSI | 11.09.2014 | બપોરના 4-00 થી 6-00 | સોમ થી મંગળ |
| કોન્સ્ટેબલ/ASI | 15.09.2014 | બપોરના 2-15 થી 3-45 | સોમ થી મંગળ |

ગાંધીનગર શાખા માટે

| જગ્યા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| કોન્સ્ટેબલ/ASI | 13.09.2014 | બપોરના 12-00 થી 3-00 | શનિ/રવિ |
| | 24.09.2014 | બપોરના 2-30 થી 4-00 | સોમ થી શુક્ર |
| PSI | 12.09.2014 | સવારના 6-00 થી 8-00 | સોમ થી શુક્ર |
| | 21.09.2014 | બપોરના 4-15 થી 6-15 | સોમ થી શુક્ર |

1994થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 — પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ઘ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (સવારના 9.30 થી 5.30 સુધી)
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) — મહેસાણા 9537614607

## અંજલિ



**સ્વ. બચુભાઈ મોહનલાલ વ્યાસ**

न जायते म्रियते वा कदाचि-
न्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥
श्रीमद् भगवद् गीता-२-२०

આ આત્મા કદી જન્મતો નથી કે મરતો નથી. ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે. તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીર હણવાથી તે હણાતો નથી.
શ્રીમદ ભગવદ્ ગીતા-૨-૨૦

**પરમ શાંતિ માટે પ્રાર્થના**

લિ.
કૃષ્ણકાન્ત જહા
તથા
ગાંધીનગર સમાચાર પરિવાર